# શીખવાની અક્ષમતા અંગે તમારે શું જાણવું જોઈએ

લર્નિંગ ડિસબિલિટિ એસોસિએશન ઓફ પીલ

ઈન પાર્ટનરશીપ વિથ

રીજીયનલ ડાયવર્સીટી રાઉન્ડટેબલ ઓફ પીલ

# RDR કોણ છે?

રીજીયનલ ડાયવર્સીટી રાઉન્ડટેબલ (RDR), એક સખાવતી અને નફાનો હેતુ નહિ ધરાવતી સંસ્થા છે, જે સમાનતા ધરાવતી, સામાજિક રીતે ન્યાયોચિત, સાંસ્કૃતિક રીતે સક્ષમ, અને અત્યંત વૈવિધ્યસભર સમાજની જરૂરિયાતોને સંતોષતી માનવીય સંભાળ પૂરી પાડવા માટે સામુદાયિક સંગઠનો અને સંસ્થાઓને સામેલ કરવા આગેવાન બનવા માટે પ્રતિબદ્ધ છે.

RDR એ કમ્યુનિટિ લીડરશીપ પ્રોગ્રામ વિકસિત અને શરૂ કર્યો છે અને હાલમાં તે બીજા તબક્કામાં DEI આગળ આદેશ આપે તે મુજબ સહયોગાત્મક રીતે સામુદાયિક પરિયોજનાઓ રજૂ કરવા 30 વિશેષ દૂતો અને 7 ભાગીદાર સંગઠનો સાથે કામ કરી રહેલ છે.

આ સામુદાયિક પરિયોજનાઓ અર્થપૂર્ણ વાર્તાલાપ અને પારસ્પરિક લાભદાયક પ્રવૃત્તિઓ દ્વારા કાર્યક્રમના સહભાગીઓ સાથે સમાનતા અને સમાવેશને પ્રોત્સાહિત કરવા સમર્પિત પ્રત્યેક સંગઠનના માર્ગદર્શક દ્વારા સમર્થિત છે.

સહભાગીઓ 9-મહિનાના તાલીમ કાર્યક્રમમાં પણ રોકાયેલ છે, જે OTF દ્વારા ભંડોળ આપવામાં આવતા બે-વર્ષની પરિયોજનાનો એક ભાગ છે.

આ પત્રિકા LDAPR ના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર – મારિયા રીઓલીન અને યજમાન સંગઠન, RDR ના માર્ગદર્શન હેઠળ CLP કાર્યક્રમ દૂતો દ્વારા હાથ ધરવામાં આવેલી પરિયોજના પ્રવૃત્તિઓનો એક ભાગ છે.



# LDAPR કોણ છે?

લર્નિંગ ડિસબિલિટિ એસોસિએશન ઓફ પીલ એ એક સખાવતી, નફાનો હેતુ નહિ ધરાવતી સંસ્થા છે, જે શીખવાની અક્ષમતા ધરાવતા બાળકો, યુવાનો અને પુખ્ત વયના લોકોનું જીવન સુધારવા માટે સમર્પિત છે.

તેને સમુદાયમાંથી શક્તિ મળે છે અને બાળકો અને તેમના પરિવારો સફળતા મેળવવા માટે તેમને જોઈતી સહાય મેળવે તે સુનિશ્ચિત કરવા અમે અમારા સભ્યો અને સ્વયંસેવકો પર નિર્ભર રહીએ છીએ.

LDAPR શીખવાની અક્ષમતા અંગે જાહેર જનતાની જાગૃતિમાં વધારો કરીને ખાસ પ્રકારના કાર્યક્રમો, કાર્યશાળાઓ, સહાય જૂથો ઓફર કરીને શીખવાની અક્ષમતા ધરાવતા લોકો અને તેમના પરિવારોને મદદ કરવા માટે તેમના ભાગીદારો સાથે મળીને કામ કરે છે.

અમારા સમુદાયના ઉદાર સહયોગ દ્વારા તેમના કાર્યક્રમો તમામ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે, તેમને આગળ વધવામાં મદદ કરીને પીલ વિસ્તારમાં રહેતા પરિવારોને સંસાધનો અને સહાય પૂરા પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે LDAPR કામ કરે છે.



“જો આપણે શીખવીએ તે રીતે બાળક ન શીખી શકે તો શક્ય છે કે તેઓ જે રીતે શીખી શકે તે રીતે આપણે શીખવવું જોઈએ”

-ઈગ્નાસીયો એસ્ટ્રાડા (IGNACIO ESTRADA)

# શીખવાની અક્ષમતા એટલે શું?

શીખવાની અક્ષમતાને નીચેની રીતે વ્યાખ્યાયિત કરી શકાય છે:

વિવિધ પ્રકારના વિકારો, જે સમાન વય જૂથની અંદર રહેલ અન્ય બાળકો પાસેથી અપેક્ષિત હોય તેવા સ્તરના જ્ઞાન અને કૌશલ્યો મેળવવામાં પડતી મુશ્કેલીઓમાં વધારો કરે.

આ વિકારો વિચાર અને તર્ક કરવાની અન્યથા સરેરાશ ક્ષમતાઓ સાથે મળીને શીખવા સાથે સંબંધિત વિચાર પ્રક્રિયાઓમાં પડતી મુશ્કેલીઓમાંથી પરિણમે છે.

શીખવાની અક્ષમતાઓ ચોક્કસ પ્રકારની હોય છે અને બૌદ્ધિક અક્ષમતાઓથી તદ્દન અલગ હોય છે.

શીખવાની અક્ષમતાઓ આનુંવાશિક અથવા જૈવિક પરિબળોને લીધે હોય છે.

સાંસ્કૃતિક અથવા ભાષાના તફાવતો, અપર્યાપ્ત સૂચના, સામાજિક-આર્થિક સ્થિતિ અથવા પ્રેરણાનો અભાવ જેવા પરિબળો દ્વારા તે થતી નથી.

ઘણીવાર, ધ્યાન કેન્દ્રિત કરવાને લગતા, વર્તણૂકને લગતા અને ભાવનાત્મક વિકારો, સંવેદનાત્મક સમસ્યાઓ અથવા અન્ય તબીબી સ્થિતિઓ સહિત અન્ય સ્થિતિઓ સાથે શીખવાની અક્ષમતાઓ રહેલી હોય છે.



# સામાન્ય હોય તેવી શીખવાની અક્ષમતાઓ




શીખવાની અક્ષમતાઓ વિવિધ પ્રકારની તીવ્રતા ધરાવતી હોય છે અને નીચેના એક અથવા વધુ મહત્વના કૌશલ્યોના ઉપયોગમાં હસ્તક્ષેપ કરે છે:

- મૌખિક ભાષા (દા.ત., સાંભળવું, બોલવું, સમજવું)
- વાંચવું (દા.ત., ઉકેલવું, સમજ)
- લેખિત ભાષા (દા.ત., જોડણી, લેખિત અભિવ્યક્તિ)
- ગણિત (દા.ત., ગણતરી કરવી, કોયડો ઉકેલવો)

શીખવાની અક્ષમતાને કારણે વ્યવસ્થાશક્તિ, સામાજિક જાગૃતિ, અને સામાજિક વ્યવહારમાં પણ મુશ્કેલીઓ ઉભી થઈ શકે છે.

આવી ક્ષતિઓ સામાન્ય રીતે જીવનભરની હોય છે.

જો કે, વાતાવરણ અને વ્યક્તિની વિશેષતાઓને આધારે, સમયની સાથે તેમની અસરો જુદી જુદી રીતે અભિવ્યક્ત થતી હોઈ શકે છે.

કેટલીક ક્ષતિઓ બાલમંદિરના વર્ષો દરમિયાન નોંધવામાં આવી શકે છે, જ્યારે અન્ય કેટલીક ઘણો સમય વીતી ગયા પછી પણ દેખાતી નથી.

શાળાના વર્ષો દરમિયાન, બિનઅપેક્ષિત રીતે નીચી શૈક્ષણિક સફળતા અથવા ઉચ્ચ સ્તરના પ્રયત્નો અને સહાય સાથે જ શક્ય હોય તેવી સફળતા દ્વારા આપણે શીખવાની અક્ષમતાઓ સૂચવી શકીએ છીએ.

"શીખવાની અક્ષમતા ધરાવતા લોકો અલગ રીતે શીખે તે સ્વાભાવિક છે. શું તેનો અર્થ એવો થાય કે તેમની શીખવાની રીત ખોટી છે?"

**જોની ડમ** (Joanne Dumm)

# શીખવાની અક્ષમતાઓ વિશે ખોટી માન્યતાઓaa



1. શીખવાની અક્ષમતાઓ ધરાવતા બાળકોને આપવામાં આવતી સગવડ તેમને અયોગ્ય ફાયદો પહોંચાડે છે.

તેમણે માત્ર તેનો સામનો કરવાનું જ શીખવાનું છે.

હકીકત:

- તેમને જરૂરી સગવડો પૂરી પાડવાથી, સફળ થવા માટે તેમને જરૂરી હોય તેવા સાધનો વિકસાવવામાં તેમને મદદ મળશે.

સગવડોને લીધે શીખવાની અક્ષમતા ધરાવતા લોકો તેમની ક્ષમતાના સ્તર સુધી કામ કરી શકે છે, નહિ કે તેમની અક્ષમતાના સ્તર સુધી.

2. શીખવાની અક્ષમતાઓ બધી જ સરખી હોય છે.

હકીકત:

શીખવાની અક્ષમતાઓ જટિલ હોય છે અને દર વ્યક્તિએ જુદી જુદી હોય છે.

શીખવાની અક્ષમતાઓ ઘણા સ્વરૂપે રહેલી હોય છે અને દરેક વ્યક્તિને જુદી જુદી રીતે અસર કરે છે.

શીખવાની અક્ષમતાઓની અસર પરિસ્થિતિની માંગને આધારે અલગ પ્રકારના વાતાવરણમાં બદલાઈ શકે છે.

3. વ્યક્તિ પુખ્ત વયની બને ત્યાં સુધીમાં શીખવાની તમામ અક્ષમતાઓ જતી રહે છે.

હકીકત:

- ઘણીવાર, શીખવાની અક્ષમતાઓ બાલ્યાવસ્થામાં જોવા મળે છે.

જ્યારે વહેલો હસ્તક્ષેપ કરવામાં આવે, ત્યારે સામનો કરવાનું કૌશલ્ય અને વ્યૂહરચનાઓ નક્કી કરી શકાય છે, જેથી યુવાન વ્યક્તિ તેમની શીખવાની અક્ષમતાનું વ્યવસ્થાપન કરતા શીખી શકે.

શીખવાની અક્ષમતા ધરાવતા પુખ્ત ઉંમરના લોકો તેમની આસપાસના વિશ્વમાં રહેતા શીખી ગયા છે.

તેઓ ઘણીવાર એવા રોજગાર શોધે છે, જે તેમની શીખવાની અક્ષમતા સાથે યોગ્ય રીતે બંધબેસતા હોય.

# માતાપિતા માટે સૂચનો

સફળતા માટે, શીખવાની અક્ષમતા ધરાવતા વ્યક્તિને શાળા, સમુદાય, અને કાર્યસ્થળના વાતાવરણમાં તેમની વ્યક્તિગત ક્ષમતાઓ અને જરૂરિયાતો સાથે અનુકુળ હોય તેવા ખાસ પ્રકારના હસ્તક્ષેપની જરૂર પડે છે, જેમાં નીચેના હસ્તક્ષેપનો સમાવેશ થાય છે:

- ચોક્કસ પ્રકારના કૌશલ્યની સૂચના;
- સરભર કરી આપી શકે તેવી વ્યૂહરચનાઓ વિકસાવવી;
- સ્વ-હિમાયત કૌશલ્યોનો વિકાસ;
- યોગ્ય સગવડો.

સૌથી મહત્વની વાત એ છે કે, શીખવાની અક્ષમતાનું નિદાન થવું મહત્વનું છે, જેથી બાળકનું વહેલું મૂલ્યાંકન કરી શકાય. જેને લીધે, વિદ્યાર્થીઓ તેમને વહેલી જરૂર હોય તેવું કૌશલ્ય વિકસાવી શકશે અને જરૂરી ટેકો મેળવી શકશે.



# અમારો સંપર્ક કરો:

26-5155 Spectrum Way
Mississauga, ON L4W 5A1
ટેલિ: (905) 272-4100
ફેક્સ: (905) 272-4863
વેબસાઈટ: WWW.LDAPR.CA
http://WWW.LDAPR.CA

## લર્નિંગ ડિસબિલિટિ એસોસિએશન ઓફ પીલ રીજીયન

## સંદર્ભ:

Learning Disabilities Association of Peel. (n.d.). Retrieved from: https://www.ldapr.ca/

Learning Disabilities Association of Ontario. *Myths and Facts about Learning Disabilities.* (n.d.). Retrieved from: http://www.ldao.ca/myths-facts-about-learning-disabilities/

સૂચવવામાં આવેલ અવતરણો: Freire, T. & Singh, N.R. (2020). What You Need to Know About Learning Disabilities. Mississauga, ON: Regional Diversity Roundtable.